જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૯/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૧૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૨૧૯ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૪૭ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૮૩ બિયર ટીન, ૦૧ રિક્ષા અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૪૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૨૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં. ૧૩૨૧/૨૦૨૫**

સાયબર ક્રાઇમઃ તપન સ/ઓ રમેશચંદ્ર શાહ (ઉ.વ.૪૬) (રહે. કલ્યાણ સોસાયટી સરકારી ક્વાર્ટર્સ સામે મીઠાખળી એલીસબ્રિજ) એ તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૮/૨૦૨૫ ના રોજ અજાણ્યા મોબાઈલ નંબરના ધારકે તપન શાહના મોબાઈલ નંબર ઉપર ફોન કરી ડેટા પ્રોટક્શન બોર્ડ ઓફ ઈન્ડીયા સેન્ટરમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી જણાવેલ કે તપન શાહના આધાર કાર્ડ પરથી એરટેલ સ્ટોર મુંબઈ ખાતેથી એક મોબાઈલ ફોન ખરીદ કરેલ છે તેનું વેરીફીકેશન કરવાનું કહી તપન શાહનું આધારકાર્ડ વોટ્સએપથી મેળવી લીધું હતું. ત્યારબાદ તા.૩૦/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર તથા વોટ્સએપ નંબર +૯૧૮૬૭૦૭૧૮૪૯૧ ના ધારકે મુંબઈ પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી જણાવેલ કે તપન શાહના આધાર કાર્ડ દ્વારા મુંબઈ કેનેરા બેન્કમાં ખાતુ ખોલાવેલ છે જેમાં મોટી રકમ ટ્રાંજેક્શન થયેલ છે જે ગેરકાયદેસર થયેલ છે તેમ કહી મુંબઈ ક્રાઇમ બ્રાંચની ખોટી એફ.આઇ.આર મોકલી તેમજ સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડીયાના ખોટા લેટર મોકલી ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી, તપન શાહના બેન્ક ખાતામાં રહેલ રૂપિયાનું વેરીફીકેશન કરવાનું છે તેમ કહી તેઓએ આપેલ ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરવાનું જણાવી જે રૂપિયા વેરીફીકેશન થયા બાદ પરત તપન શાહના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે તેમ કહી પતન શાહના ખાતામાંથી કુલ રૂપિયા ૫૭,૫૦,૦૦૦/– ટ્રાન્સફર કરાવી મેળવી લઈ આજદીન સુધી પરત નહી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.વી.બરવાળીયા ચલાવે છે.

ત્યજી દિધેલ નવજાત શિશુ મળી આવવા બાબતઃ– **સમાચાર ચાદી નં. ૧૩૨૨/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ તા.૧૯/૦૯/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યા પેહલા સોલા સિવિલ હોસ્પીટલની કેસ બારી આગળ આવેલ વેઇટીંગ એરીયા ખાતેથી ત્યજી દિધેલ હાલતમાં નવજાત શિશુ (બાબો) મળી આવતા સોલા હાઇકોર્ટ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં. ૧૩૨૩/૨૦૨૫**

મણીનગરઃ દર્શ યજ્ઞેશભાઈ શાહ (રહે. મેગ્નોલીયા રેસીડન્સી તૃમી બેકરી સામે જોધપુર ચાર રસ્તા સેટેલાઈટ) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૫ કલાક ૧/૫૩ થી ૨/૦૮ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મણીનગર જય હિન્દ ચાર રસ્તા પાસે "માઇ મેડીકલ એજન્સી"નામની પોતાની દુકાનના શટરના તાળાં તોડી બે પુરૂષ દુકાનમાં પ્રવેશ કરી કેબીનના ડ્રોઅર તોડી રોકડ રૂપિયા ૯,૦૦,૦૦૦/– ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.જે.રાઠોડ ચલાવે છે.

વેજલપુરઃ જીતેન્દ્રભાઇ ગીરીશભાઇ વાઘેલા (રહે. શાંતિનગર સોસાયટી શ્રીનંદનગર સામે વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૯/૨૦૨૫ કલાક ૧૦/૦૦ થી કલાક ૧૨/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૬,૦૯,૫૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં. ૧૩૨૪/૨૦૨૫**

કૃષ્ણનગરઃ હર્ષીપભાઈ શાંતિલાલ ઠક્કર (ઉ.વ.૪૭) (રહે. સૂર્યસાગર ફ્લેટ અનુપમ સોસાયટી વિભાગ–૦૨ ની બાજુમાં જોધપુર ગામ સેટેલાઈટ) તા.૧૫/૦૯/૨૦૨૫ સાંજના ૫/૧૫ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન બાપુનગર ખાતે ડાયમંડ માર્કેટમાં આવેલ આર.કે.આંગડિયા પેઢીમાંથી રૂપિયા ૪,૦૦,૦૦૦/– મેળવી એકટીવાની ડેકીમાં મુકી કૃષ્ણનગર ફોજદારની ચાલી સૈજપુર બોઘા ખાતે એચ.ડી.ટ્રેડર્સની બહાર એક્ટીવા પાર્ક કરી એચ.ડી ટ્રેડર્સની અંદર ગયા હતા દરમ્યાન થોડીવાર બાદ એચ.ડી.ટ્રેડર્સની બહાર આવી એકટીવાની ડેકીમાં જોતા એકટીવાની ડેકી ખોલી અજાણી વ્યક્તિ એક્ટીવાની ડેકીમાંથી રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ હતી. આ અંગેની ફરીયાદ હર્ષીપભાઈ ઠક્કરે તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી